જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૦૯/૨૦૨૨ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૬૪૭/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૪/૦૯/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૨ | ૦ | ૧૪૨ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૫ | ૦ | ૧૦૦૬૯૫ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૫ | ૪,૨૮,૮૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

# ૩૬ મી નેશનલ ગેમ્સ અનુસંધાને ઓઢવ પોલીસ સ્ટેશન દ્વારા યોજવામાં આવેલ રમત-ગમત સ્પર્ધા

આજરોજ ઓઢવ પોલીસ સ્ટેશન દ્વારા ૩૬ મી નેશનલ ગેમ્સ અનુસંધાને રમત-ગમત સ્પર્ધા નો કાર્યક્રમ સિંગરવા પ્રાથમીક શાળા ના મેદાનમાં યોજવામાં આવેલ જે કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ બળદેવ દેસાઈ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી કંટ્રોલરૂમ હર્ષદ પટેલ સાહેબ તથા અતિથિ વિશેષ તરીકે સિંગરવા ગામના સરપંચ શ્રી તથા દ્વારીકાનાથ હિન્દી માધ્યમીક વિધાલય ના ટ્રસ્ટી શ્રી સંતરામ યાદવ તથા ઓઢવ પોલીસ સ્ટેશન ના પોલીસ ઈન્સ્પેકટર શ્રી જે.બી.અગ્રાવત તેમજ પો.સ.ઈ.શ્રીઓ તેમજ પોલીસ સ્ટાફના કર્મચારીઓ હાજર રહ્યા હતા આ કાર્યક્રમમાં દ્વારીકાનાથ હિન્દી માધ્યમીક વિધાલય ના વિધ્યાર્થીઓની વચ્ચે ખો-ખો, રસ્સા ખેંચ , તેમજ સંગીત ખુરશી જેવી વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવેલ જેમાં વિજેતા ટીમ ને તેમજ પ્રથમ, દ્વિતીય , તૃતિય , આવનાર વિધ્યાર્થી ને ના.પો.કમિ.શ્રી ઝોન-૫ સાહેબ તથા ના.પો.કમિ.શ્રી કંટ્રોલરૂમ સાહેબ નાઓના હસ્તે ટ્રોફી આપી પ્રોત્સાહીત કરવામાં આવેલ.

















## **નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૬૪૮/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી, ૩૫ વ્યક્તિઓને ઝડપી, ૫૯ લીટર દેશી દારૂ, ૨૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૧ મોટર સાયકલ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૦,૩૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## **તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૬૪૯/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## **છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૬૫૦/૨૦૨૨**

**ખાડીયાઃ** સંજયભાઇ સદાશિવ પાંઢરે (ઉ.વ ૫૦)(રહે.સુર ફ્લેટ-૨ ચોથો માળે નવયુગ કોલોની ભુલાભાઇ પાર્ક ગીતામંદીર રોડ) એ તા.૧૪/૦૯/૨૦૨૨ ના રોજ ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૦૭/૨૦૨૨ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે માણેકચોક બીજા માળે ઉત્તમ ચેમ્બર્સ બંધારાના ખાંચામા દુકાન નંબર-૧૦ ખાતે આરોપી દેવીસીંહ શંકરસિંહ રાવ (રહે.મહેતાગલી ભાડેસર ચિત્તોડગઢ રાજસ્થાન) એ સોનાની વિંટીઓ ૨૩૦ ગ્રામની કિંમત રૂપિયા આશરે ૧૨,૦૦,૦૦૦/- સંજયભાઇ પાસેથી મેળવી લઈ તે પેટે રૂપિયા નહી ચુકવી નાસી જઇ સંજયભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.પરમાર ચલાવે છે.

**રખિયાલઃ** ભરતભાઇ રાણાભાઇ ચૌધરી (ઉ.વ.૨૫)(રહે.રાધાક્રિષ્ણા રેસીડેન્સી, કર્ણાવતી ચોકડી, વસ્ત્રાલ) એ તા.૧૪/૦૯/૨૦૨૨ ના રોજ રખિયાલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૧૨/૨૦૨૧ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન કેવલકાંટા રોડ ગુજરાત બોટલીંગ, દુર્ગા એસ્ટેટ ખાતે આરોપી (૧) દામ ઈન્ડીયા ઈન્ડસ્ટ્રીસના માલીક શબદ અજય રાજપુત (૨)અજય રાજપુત અને (૩) હરેશ રાજપુત (રહે.દામ ઈન્ડીયા ઈન્ડસ્ટ્રીઝ ઓ.નં.૪૪૨ શેડ નં.૧૪ ગોપાલ ચારણ ઈન્ડસ્ટ્રીઝ, ઓઢવ-ઈન્દોર રોડ, બાકરોલ) એ ભેગામળી ભરતભાઇને વિશ્વાસમાં લઈ તેમની પાસેથી ટુકડે-ટુકડે કુલ રૂપિયા ૨૭,૫૧,૫૦૫/- સ્ટીલની સીટ પ્લેટો નો માલ મેળવી લઈ તે પૈકી રૂપિયા ૭,૪૦,૦૦૦/- ચુકવી, માલ સગેવગે કરી, માલ ના બાકી લેણા રૂપિયા ૨૦,૧૧,૫૦૫/- નહિ ચુકવી ભરતભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.એચ.નિનામા ચલાવે છે.

**ઓઢવઃ** ક્રિષ્ણાબહેન વા/ઓ બચુભાઇ ચૌધરી (ઉ.વ.૬૨)(રહે.સમીરનગર સોસાયટી મહેશ્વરીનગર ઓઢવ) એ તા.૧૪/૦૯/૨૦૨૨ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૦૯/૨૦૨૨ બપોરના ૧૨/૧૫ વાગ્યાના સુમારે ઓઢવ શીતલછાયા ચાર રસ્તાથી પંચદેવ મંદિર તરફ જતા રસ્તામા એકસીસ બેંકના એ.ટી.એમ. સામે આવેલ હરીનંદન કોમ્પલેક્ષની બંધ દુકાન આગળ આવેલ અજાણ્યો માણસ (૩૦ થી ૩૫ વર્ષના આશરાનો) અને તેની સાથે આવેલ એક અજાણ્યો છોકરો (૨૦ થી ૨૫ ના આશરાના) એ ભેગામળી "આ ગરીબ છોકરાને મદદ કરવાની છે" તેમ કહી ક્રિષ્ણાબહેનના ગળામાં પહેરેલ સોનાની ચેઇન તથા કાનમા પહેરેલ બુટ્ટી કઢાવી લઇ, ક્રિષ્ણાબહેનને દાગીના પરત આપવાની ખાત્રી આપી, વિશ્વાસમાં લઈ સોનાની ચેઇન તથા કાનમા પહેરવાની બુટ્ટી કુલ કિંમત રૂપિયા ૪૫,૦૦૦/- લઈ નાસી જઇ ક્રિષ્ણાબહેન સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.ડી.ભટ્ટ ચલાવે છે.

**નારણપુરાઃ** નિધિબહેન રાજેશકુમાર ગોયલ (ઉ.વ.૨૨) (રહે. સ્વામિનારાયણ એવન્યુ એ.ઇ.સી. ચાર રાસ્તા નારણપુરા) એ તા.૧૪/૦૯/૨૦૨૨ ના રોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૦૯/૨૦૨૨ ના રોજ મોબાઇલ નંબર ૭૦૯૧૪૧૫૯૧૯ ના ધારકે નિધીબહેનને ટાસ્ક કરવાથી લાભ થવાની લોભામણી લાલચ આપી નિધિબહેન ગોયલને વિશ્વાસમાં લઈ નિધિબહેનના બેન્કના ખાતાની માહીતી મેળવી લઈ રૂપિયા ઓનલાઇન કુલ રૂપિયા ૧,૫૧,૫૩૦/- ના ટાસ્ક પુરા કરાવી લઇ નિધિબહેન સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.જી.જાદવ ચલાવે છે.

**કાલુપુરઃ** પ્રણય સુમતીચંદ્ર સાફી (ઉ.વ.૬૨) (રહે. ડબલ એવન્યૂ ચીનોયબાગની ગલી એસોસીયેટેડ પેટ્રોલ પંપ પાસે સી.જી.રોડ પંચવટી) એ તા.૧૪/૦૯/૨૦૨૨ ના રોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પ્રણય સાફી કાલુપુર પીરમહમદશાહ રોડ વૃંદાવન શોપીંગ સેન્ટર ખાતે કાપડની પેઢી " જય ધરતી ટેક્સટાઇલ" નામની શુટીંગ-શર્ટીંગ દુકાન ધરાવી ધંધો કરતા હોઈ તા.૧૨/૦૭/૨૦૧૯ થી તા.૨૦/૦૩/૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) ભરત ઉર્ફે બંટી ગેહી (૨) ચંદન ગેહી તથા અંશુલ ગેહી (તમામ રહે. ચંદ્રલોક બિલ્ડીંગ ઝાલના મહારાષ્ટ્ર) (ઠે.પહેલો માળ, રેણુકા માતા મલ્ટી સ્ટેટ કો.ઓ.સોસાયટી ઉપર એમ.જી.રોડ, બી.આર.જીંડાલ માર્કેટ સામે ઝાલના મહારાષ્ટ્ર તથા મહાલક્ષ્મી ધ ફેમીલી શોપ રેણુકા માતા બેંક સામે જીંડાલ માર્કેટ પાસે ઝાલના મહારાષ્ટ્ર) એ ભેગા મળી પ્રણય સાફી પાસેથી કાપડનો માલ ઉધારમા ખરીદ કરી બાકી નિકળતા રૂપિયા ૧૩,૬૩,૨૫૨/- આજદીન સુધી નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એચ.મછાર ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૬૫૧/૨૦૨૨**

**મેઘાણીનગરઃ** બચુભાઇ રત્નાભાઇ પટણી (રહે.શાંતિસાગરના છાપરાં છેલ્લા બસ સ્ટેન્ડ મેઘાણીનગર) એ તા.૧૪/૦૯/૨૦૨૨ ના રોજ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૯/૨૦૨૨ રાતના ૧૦/૦૦ થી તા.૦૨/૦૯/૨૦૨૨ કલાક ૪/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનનો દરવાજો ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગી-ચાંદીના દાગીના, મોબાઇલ ફોન અને રોકડ રૂપિયા ૩૦૦૦/- મળી કુલ રૂપિયા ૨,૧૪,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.ડી.જાડેજા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૬૫૨/૨૦૨૨**

**નવરંગપુરાઃ** અલ્પેશ અરવિંદભાઇ સોની (રહે. રીવેરા ૩૦ સફળ પેગાસુસ સામે પ્રહલાદનગર સેટેલાઇટ) એ તા.૧૪/૦૯/૨૦૨૨ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે અલ્પેશ સોની નવરંગપુરા સ્વસ્તીક ચાર રસ્તા પાસે આવેલ નરનારાયણ કોમ્પલેક્ષની સામે સ્મૃતિ કુંજ ફેકટરી ખાતે સોનીનો ધંધો કરતા હોઈ ફેકટરીમા નોકરી કરતા અને નવરંગપુરા ચામુંડા મેડીકલ ઉપર લીબર્ટી ભગતના છાપરાં ખાતે રહેતા શંતનુ હાતી (મુળ વતન. ગામ-રાધાનગર (હાતીડંગા) પો.સ્ટ અમલા ગોરા થાના ગરબેટા જી.વેસ્ટ મેદનાપુર રાધાનગર વેસ્ટ બંગાલ) ને તા.૦૨/૦૯/૨૦૨૨ ના રોજ સોનાના દાગીના બનાવવાનુ કામ કરવા આપેલ સોનુ ૪૯૬.૦૧૦ ગ્રામ ૨૪ કેરેટ માંથી ૧૭૨.૪૦૦ ગ્રામ ૨૨ કેરેટનુ સોનુ કિમત રૂપિયા ૮,૩૨,૦૦૦/- ચોરી કરી નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એચ.મિસ્ત્રી ચલાવે છે.

**ચાંદખેડાઃ** ચાંદખેડા આઇ.ઓ.સી રોડ આવકાર હાઇટસ પરમેશ્વર-૮ દુકાન નં-૫ ખાતે રહેતા અને ટીફીન સર્વીસનો ધંધો કરતા વિક્રમસિંહ અમરસિંહ રાઠોડ (મુળ વતન. ગામ પેન્ડીર તા-સેમારી જી-ઉદેપુર રાજસ્થાન) એ તા.૧૪/૦૯/૨૦૨૨ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૦૯/૨૦૨૨ રાતના ૧૨/૦૦ થી તા.૧૧/૦૯/૨૦૨૨ કલાક ૭/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન રહેણાંક ખાતેથી વિક્રમસિહ રાઠોડ તથા તેમના સંબંધીના મોબાઇલ ફોન કિમત રૂપિયા ૧૩,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ હતી. જે મોબાઈલ ફોનમા રહેલ ગુગલ પે યુપીઆઈ મારફતે ઓનલાઈન રૂપિયા ૭૯,૦૩૫/- ટ્રાન્સફર કરી લીધા હતા. આ ગુનાની તપાસ હે.કો.શ્રી કલ્પેશસિંહ કિનુસિંહ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૬૫૩/૨૦૨૨**

**શાહીબાગઃ** (૧) રોહીત પુનભાઇ પટણી (ઉ.વ.૨૧) (રહે. ગાભાજી મંગાજીની ચાલી ઓડવાસની અંદર ચમનપુરા) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૯/૨૦૨૨ કલાક ૦૦/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલમાં લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એચ.ઝાલા ચલાવે છે.

**શાહીબાગઃ** (૨) દિલીપભાઇ ગિરીશભાઇ કાલમા (ઉ.વ.૩૨) (રહે. લાખાજી કુંવરજીની ચાલી કાન્તિલાલની ચાલી પાસે મોહન સિનેમાની બાજુમાં અસારવા શાહીબાગ) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૯/૨૦૨૨ કલાક ૭/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એચ.ઝાલા ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** વિશાલભાઈ જીતુભાઈ વાઘેલા (ઉ.વ.૩૦) (રહે. ચિત્રકૂટ આવાસ યોજના મનહર વિલા ચાર રસ્તા પાસે નવા નરોડા) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૯/૨૦૨૨ કલાક ૧/૫૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટા વડે ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગુલાબસિંહ ચલાવે છે.

**રખીયાલઃ** ફીઝાબાનુ ઉર્ફે અલ્ફીનાબાનુ ડો/ઓ મોહમદફિરોઝ શેખ (ઉ.વ.૧૬) (રહે. રંગવાળી ચાલી મચ્છી માર્કેટ રોડ રખીયાલ) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૯/૨૦૨૨ કલાક ૦૦/૩૦ થી ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે છતમાં લોખંડની એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રખીયાલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.બી.વાઘેલા ચલાવે છે.

**અમરાઇવાડીઃ** દિલીપભાઇ છગનલાલ કોષ્ટી (ઉ.વ.૪૨) (રહે. સર્વોદયનગર ગુજરાત હાઉસીંગ બોર્ડ ગોપાલનગર સામે હાટકેશ્વર અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૯/૨૦૨૨ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મુકેશભાઇ જીવણભાઇ ચલાવે છે.

**વટવાઃ** વિનોદભાઇ કાળુભાઇ માલી (ઉ.વ.૨૩) (રહે. બ્લોક નંબર-૯/૨૭૭ ઇંસાનીયતનગર ચાર માળીયા વટવા) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૯/૨૦૨૨ કલાક ૯/૦૦ થી ૧૧/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેન્દ્રભાઇ મગનભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી